ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



**વિધાનસભામાં ગાંધીનગર**

- પ્રકાશ જહા

# જિલ્લાના સાત ગામોમાં ૬૨ હજાર હેક્ટરથી વધુ સરકારી જમીન પર દબાણ છે

**જિલ્લામાં ૯૬૨૨ અરજીઓ વારસાઈ નોંધ માટે મળી છે**

ગુજરાત વિધાનસભામાં આજે ગાંધીનગર જિલ્લાને લગતા ૨૩ જેટલા પ્રશ્નો રજુ થયા છે. મહેસુલ શ્રમ રોજગાર તેમજ સામાજિક ન્યાય અધિકારિતા વિભાગને લગતા પ્રશ્નો હતા.

- **શરત ભંગ થવાની ફરિયાદો**

આણંદના ધારાસભ્ય કાન્તિભાઈ સોઢા (પરમાર) દ્વારા જિલ્લામાં તાલુકાવાર જમીનોમાં થયેલ શરતભંગની ફરિયાદો અંગેના લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલમંત્રી કૌશિકભાઈ પટેલે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૩૯ હેક્ટર ૨૮ આરે ૩૮ ચો.મી. જમીનમાં શરતભંગની ફરિયાદો મળી છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૨ હેક્ટર, ૮૯ આરે ૪૦ ચો.મી., કલોલમાં ૧૨ હેક્ટર, ૪૧ આરે, ૪૩ ચો.મી., દહેગામમાં ૧૦ હેક્ટર, ૬૩ આરે, ૧૦ ચો.મી. અને માણસામાં ૩ હેક્ટર, ૩૪ આરે, ૪૫ ચો.મી.ની ફરિયાદો છે.

૩૧-૧૨-૧૭ની સ્થિતિએ જિલ્લામાં આ જમીનો પૈકી ૫ હેક્ટર ૭૫ આરે ૮૩ ચો.મી. જમીન સરકારી પડતર તરીકે દાખલ કરવામાં આવી છે. જ્યારે ૫ હેક્ટર ૭૫ આરે ૮૩ ચો.મી. જમીનનો સરકાર દ્વારા કબ્જો લેવામાં આવેલ છે.

- **સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત**

કોંગી ધારાસભ્ય શૈલેષ પરમારે છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ખૂટતી સ્ટેમ્પ ડ્યુટીની વસુલાત માટે બોજા અંગેની નોંધ પાડવામાં આવી તેવા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શૂન્ય ઉત્તર મહેસુલ મંત્રીએ આપ્યો છે.

તેમણે આજ સભ્યના લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે સ્ટેમ્પ ડ્યુટી વસુલાતની પડેલ નોંધ પૈકી ૨૭૬ જમીનોમાં નાણાં વસુલ કરી બોજા મુક્ત કરવામાં આવી છે.

- **જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

ભાજપના ધારાસભ્ય ભૂપેન્દ્રભાઈ પટેલે પાલક માતા-પિતા યોજના અંગે છેલ્લા એક વર્ષમાં મળેલ અરજીઓ અંગેના પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીએ જણાવ્યું છે કે ૯૯ અરજીઓ મળી છે. આ પૈકી ૪૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ. ૧૦ લાખ ૩૨ હજારની રકમ ચુકવવામાં આવી છે.

- **સરકારી જમીનોમાં દબાણ**

બેચરાજીના ધારાસભ્ય બેચરજી ઠાકોરે સરકારી ખરાબાની પડતર જમીનોમાં દબાણને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાવ્યુ છે કે ૧૯૮૨ થી ૨૦૧૭ સુધીના વર્ષમાં આ દબાણો બન્યા છે. અને ઉક્ત દબાણો બનતી ત્વરાએ દૂર કરવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લાના ૭ ગામોમાં આવા દબાણો જણાયા છે. જેમાં કલોલ તાલુકાના ૩ ગામોમાં ૨૪,૭૩૭ ચો.મી., દહેગામના ૩ ગામોમાં ૩૬૩૯૪.૫ ચો.મી. અને માણસાના ૧ ગામમાં ૨૬૦૧.૨૪ ચો.મી.માં જમીનમાં આ દબાણો આવેલા છે. આમ જિલ્લાના સાત ગામોની ૬૨,૭૩૨ ચો.મી. જગ્યામાં દબાણો આવેલા છે.

- **શ્રમ કાયદાનો ભંગ**



પાણી બચાવો - વેડફાટ અટકાવો : ગાંધીનગર શહેરના સે. ૨૮ ગાર્ડન ખાતે છેલ્લા ઘણા દિવસોથી પાણીની ટાંકીમાંથી પાણી ઉભરાઈને નીચે પડે છે. જેથી હજ્જારો લીટર પાણીનો બગાડ થાય છે. અત્યારે હાલ પાણી બચાવની ઠેર ઠેર ઝુંબેશ ચલાવવામાં આવે છે ત્યારે સે. ૨૮ ગાર્ડનમાં થતો પાણીનો બગાડ તંત્રને દેખાતો નહી હોય ? સ્થાનિક નાગરીકોએ વારંવાર રજુઆત પાણી બંધ થાય તે માટે કરી છે. છતાં પણ તંત્રના બહેરા કાને નાગરીકોની રજુઆત સંભળાતી નથી. ત્યારે બગીચાનું વેડફાતુ પાણી ક્યારે બંધ થાય છે તે જોવુ રહ્યું.

# અધ્યક્ષપદ અને ગૃહની ગરિમા સચવાઈ

**કોંગી ધારાસભ્યોના સસ્પેન્શન મુદ્દે ભાજપ-કોંગીમાં સમાધાન : અધ્યક્ષ સામે અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચાઈ**

**આખરે સમાધાનના ભાગરુપે શાસક પાર્ટી દ્વારા કોંગ્રેસી ધારાસભ્યનું સસ્પેન્શન સત્ર સમાપ્તિ સુધી ટુંકાવી દેવાયું**

અમદાવાદ,તા. ૨૭

ગુજરાત વિધાનસભામાં ગૃહની ગરિમાને લાંછન લાગે અને લોકશાહી મૂલ્યોના લીરેલીરાઉ ઉડાવનારા કોંગ્રેસના ધારાસભ્યો પ્રતાપ દુધાત અને અમરીષ ડેરને બે વર્ષ માટે અને બળદેવ ઠાકોરને એક વર્ષ માટે સસ્પેન્ડ કરવાના વિધાનસભા અધ્યક્ષના નિર્ણયના વિરોધમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી પિટિશનમાં આજે સુનાવણી હાથ ધરાય તે પહેલાં જ વિધાનસભા ગૃહમાં શાસક પક્ષ ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ વચ્ચે ઈલુ-ઈલુના દ્રશ્યો જોવા મળ્યા હતા અને બંને પક્ષે આખરે સમાધાન થઈ જતાં ઘીના ઠામમાં ઘી પડયું હતું. જે મુજબ, વિપક્ષ તરફથી વિધાનસભાના અધ્યક્ષ સામેની અવિશ્વાસની દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હતી તો, સામે પક્ષે શાસકપક્ષ તરફથી પણ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કોંગ્રેસના સસ્પેન્ડેડ ત્રણ ધારાસભ્યોને માત્ર સત્ર સમાપ્તિ સુધી જ સસ્પેન્ડ કરવાની નવી દરખાસ્ત ગૃહમાં રજૂ કરી હતી, જે મંજૂર કરાઈ હતી. દરમ્યાન ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કોંગ્રેસ દ્વારા કરાયેલી રિટ અરજીની સુનાવણીમાં સરકારપક્ષ તરફથી આ સમગ્ર મામલે હવે બંને પક્ષે સમાધાન થઈ ગયું હોઈ તેની વિધિવત્ જાણ કરવામાં આવતાં હાઈકોર્ટે કેસનો નિકાલ કર્યો હતો. આ અગાઉ વિધાનસભા ગૃહમાં આજે કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોનું સસ્પેન્શન રદ કરવાની દરખાસ્ત

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી પાર

**સામાન્ય જનજીવન પર તેની અસરો દેખાઈ : શહેરની વીજમાંગમાં ઉછાળો નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો હતો અને તાપમાન ૪૦.૫ ડીગ્રી નોંધાયુ છે.

સવારથી જ ગરમીનો આકરો તાપ શરૂ થયો હતો. વોટ્સએપ ગૃપમાં પણ પાણી વધુ પીવાની સલાહ આપતા મેસેજો ફરતા થઈ ગયા હતા. ગરમીનો પારો વધતાં જ વાહનવ્યવહાર પર પણ તેની અસરો પડેલી જોવા મળી હતી. ગાંધીનગર શહેરમાં હવે આખો દિવસ ઈલેક્ટ્રીક પંખાનો સહારો લેતા નગરજનો જોવા મળ્યા હતા. ગરમીનો પારો ઉંચકાતા જ શહેરની વીજમાંગમાં પણ છેલ્લા બે ત્રણ દિવસથી સતત વધારો થતો હોવાનું જાણવા મળેલ છે.

આજે ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરતાં જ શહેરના વૃક્ષોની છાયા લોકો પસંદ કરતા નજરે પડ્યા હતા. આને પગલે ચાની કીટલીઓ પર પણ ઘરાકીમાં થોડોક ઘટાડો આજે નોંધાયો હતો.

આમ ગરમીના આરંભથી જ સામાન્ય જનજીવન પર તેની અસરો જોવા મળી રહી છે.

## ગાંધીનગર તાલુકા પંચાયતના મુસદ્દા બજેટને અવલોકન માટે મોકલવા મંજૂરી

**૮ કરોડના કુલ અંદાજપત્રમાં કૃષિ, શિક્ષણ તેમજ કચેરી નવીનીકરણની જોગવાઈઓમાં વધારો કરાયો**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાએ તંત્ર દ્વારા તૈયાર કરાયેલ સૂચિત બજેટને જિલ્લા પંચાયતના અવલોકન અર્થે મોકલવા માટે બહાલી આપી છે.

આજની સામાન્ય સભાએ શિક્ષણ, કૃષિ તેમજ કચેરીના રિનોવેશન માટેના ખર્ચની જોગવાઈઓમાં સુધારા સુચવ્યા હતા જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

રૂ. ૮ કરોડની જોગવાઈઓ ધરાવતા આ સૂચિત બજેટમાં કચેરીના રિનોવેશન માટે રૂ. ૧૦ લાખ, શિક્ષણ માટે રૂ. ૧૦ લાખ તેમજ કૃષિ વિભાગ માટેની જોગવાઈમાં જંગી વધારો કરી રૂ. ૬૦ લાખની જોગવાઈ કરવા માટેના સુધારા સભ્યો દ્વારા સૂચવવામાં આવ્યા હતા જેનો સભાએ સ્વીકાર કર્યો છે.

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ ગત મહિને જ સંપન્ન થઈ છે અને નવી પંચાયતની વિધિવત્ રચના પણ તાજેતરમાં થઈ હોવાથી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલ આ સૂચિત અંદાજપત્રને આજે સુધારાઓ સાથે બહાલી આપવામાં આવી છે.

હવે સુધારા સાથેનું ડ્રાફ્ટ બજેટ ગાંધીનગર જિલ્લા પંચાયતને અવલોકન માટે મોકલવામાં આવશે. જે અવલોકન થઈ પરત આવેથી સામાન્યસભામાં પુનઃ ડ્રાફ્ટ બજેટ તરીકે આખરી મંજૂરી માટે રજુ થશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સામાન્ય ચૂંટણીઓને પગલે ઉભી થયેલી સ્થિતિને લઈ પંચાયત ધારાની જોગવાઈ પહેલાં ૩૧ માર્ચ પૂર્વે

● અનુસંધાન પાન-૭ પર

## ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખપદે અમિત ચાવડા નિમાયા

**પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીના રાજીનામાનો સ્વીકાર : યુવા નેતાને અગત્યની જવાબદારી સોંપી દેવાઈ**



અમદાવાદ,તા. ૨૭

ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે અમિત ચાવડાની સત્તાવાર નિયુકિત કરવામાં આવી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા બહુ મહત્વનો નિર્ણય લઈ આ ફેરબદલ કરવામાં આવી છે અને ગુજરાત કોંગ્રેસની બાગડોર આખરે યુવા નેતા અને આંકલાવના ધારાસભ્ય એવા અમિત ચાવડાને સોંપવામાં આવી છે. તો, પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદેથી ભરતસિંહ સોલંકીના રાજીનામાનો કોંગી હાઈકમાન્ડે સ્વીકાર કરી લીધો છે. આ સાથે ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખને લઈ છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે તો, સાથે સાથે ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલાં કોંગી હાઈકમાન્ડે મહત્વના ફેરફારો અને યુવા નેતાઓને પ્રાધાન્યતાના સ્પષ્ટ સંકેતો આપી દેવાયા છે. ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખ તરીકે આંકલાવના ધારાસભ્ય અને યુવા ચહેરા એવા અમિત ચાવડાની નિમણૂંક કરાતાં ગુજરાત કોંગ્રેસમાં આ સમાચાર મુખ્ય અને મહત્વની

● અનુસંધાન પાન-૭ પર

## ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી હવે ૬૦ ટકા નાણાં વિકાસ માટે અને ૪૦ ટકા ખર્ચ મરામત માટે કરાશે

ગાંધીનગર, તા. ૨૭

૧૪મા નાણાંપંચ દ્વારા તેની શરતોની અમલવારીમાં કડકાઈ દાખવવાના આપેલા સ્પષ્ટ સંકેતો પછી હવે ૬૦ ટકા રકમ વિકાસ કામો પાછળ, ૨૦ ટકા રકમ શૈક્ષણિક સંસ્થાઓના મરામત માટે અને ૨૦ ટકા અન્ય સુવિધાઓની મરામત પાછળ ખર્ચવામાં આવશે.

૧૪મા નાણાંપંચમાં સીધી જ રકમ ગ્રામીણ વિસ્તારને ફાળવવામાં આવે છે પરંતુ તેના કામોની મંજૂરીને લઈ ગ્રામીણ વિસ્તારમાંથી આગેવાનો સતત દોડધામ કરતા હોવાની ફરિયાદ જિલ્લા પંચાયતની ગઈકાલે મળેલ સામાન્ય સભામાં થઈ હતી.

જિલ્લા તંત્ર દ્વારા આ અંગે સ્પષ્ટતા કરવામાં આવી હતી. આ પછી સભ્યોએ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટના ઉપયોગ અંગે પદાધિકારીઓને સમજૂત કરવા તેમજ સરળ ભાષામાં પરિપત્ર કરવામાં આવે તેવી રજુઆત કરતાં તંત્રના અધિકારીઓએ આ કામગીરી ટુંકમાં જ કરી દેવાશે તેવી હૈયાધારણ આપવામાં આવી હતી.

રાજ્ય વિધાનસભા ગૃહમાં પણ ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટના વપરાશ અંગેના પ્રશ્નો વારંવાર આ સત્રમાં રજુ થયા છે જે ઉલ્લેખનીય છે.

૧૪મા નાણાંપંચની કામગીરી રાજ્યમાં સારી થઈ રહી હોવાનું સરકારે સ્વીકાર્યુ છે. જિલ્લામાં ૧૪મા નાણાપંચ અંતર્ગત ૬૦ કરોડથી વધુ રકમ પ્રાપ્ત થઈ છે તે પણ ઉલ્લેખનીય છે. જિલ્લામાં ૧૨૦૦થી વધુ કામો આ ગ્રાન્ટમાંથી કરવામાં આવ્યા છે.

# માધવપુર મેળે શ્રદ્ધાળુઓ ઉમટ્યા : આજે છેલ્લો દિવસ



અમદાવાદ,તા. ૨૭

પોરબંદર જિલ્લાના પ્રસિદ્ધ માધવપુરના મેળામાં ઉપસ્થિત રહેવા આજરોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી, પૂર્વોત્તર રાજ્યના મુખ્યમંત્રીઓ, રાજ્યપાલ તથા કેન્દ્રીય મંત્રીઓ તેમજ રાજ્ય સરકારના મંત્રીઓનું ગાંધી જન્મભૂમિ પોરબંદર એરપોર્ટ ખાતે આવી પહોંચતા તેમનું ખુબ જ અદકેરુ ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ અવસરે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ ઓપી કોહલી, અરુણાચલ પ્રદેશના રાજ્યપાલ ડો. બીડી મિશ્રા, અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી એન બીરેનસિંઘ, કેન્દ્રીય સાંસ્કૃતિકમંત્રી મહેશ શર્મા, કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુ, ગુજરાત રાજ્યના પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા, રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ, અંજલિબેન રૂપાણી સહિતના મહાનુભાવોનું જિલ્લાના પદાધિકારીઓ તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોના સ્વાગતમાં ગુરાતના ચીફ સેક્રેટરી જેએન સિંઘ, માજીમંત્રી બાબુભાઈ બોખિરિયા, જિલ્લા કલેક્ટર અશોક કાલરિયા, જિલ્લા વિકાસ અધિકારી સીપી નેમા, પોલીસ અધિક્ષક શોભા ભુતડા સહિતના અધિકારી-પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદર જિલ્લામાં સ્થિત માધવપુર ઘેડમાં ચાલી રહેલા પાંચ દિવસીય ભવ્ય મેળામાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને પૂર્વોત્તર રાજ્યોના મુખ્યમંત્રીઓ પહોંચતા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આવતીકાલે ૨૮મીએ આ મેળાની પૂર્ણાહૂતિ થનાર છે. મેળાને પ્રથમ વખત ભવ્ય રુપ આપવાનું કામ કરવામાં આવ્યું હતુ. ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સાંસ્કૃતિક મંત્રાલયના માનવ સંગ્રહાલય, ગુજરાત, આસામ, અરુણાચલ અને મણિપુરની સરકારે આ મેળાને નવા સ્વરુપ આપવાના પ્રયાસ કર્યા હતા. મણિપુરની પણ ખાસ ટીમો પહોંચી હતી. નટ શૈલીમાં રુકમણિ સાથે સંબંધિત ગીતો મુખ્ય આકર્ષણ છે. અરુણાચલ પ્રદેશ અને મણિપુરના કલાકારો રુકમણિ-કૃષ્ણ ઉપર આધારિત નૃત્ય નાટિકા રજૂ કરીને ભારે આકર્ષણ જમાવી રહ્યા છે. અરુણાચલના લોકનૃત્ય પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

EUREKA FORBES
Your friend for life
એક્વાગાર્ડ વોટર પ્યુરિફાઈર એન્ડ R.O., વેક્યુમ ક્લીનર, એર પ્યુરિફાઈર
ઓથો. ડીસ્ટ્રીબ્યુટર
ઉમિયા સેલ્સ કોર્પોરેશન
મો. ૯૮૭૯૦ ૯૦૯૪૯

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com